L09004801652
Party Name: GM(E&A)
Received Date: 28/11/2013

ક્રમાંક:જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/૧(૧૦)/૨૬
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર
તા. ૧૧ /૧૧/૨૦૧૩
૨૭

**// પરિપત્ર //**

વિષય::– નિગમની ગાંધીનગર વિજાણુ વસાહતમાં બીન પ્રદુષિત (નોન પોલ્યુટીંગ ઈન્ડસ્ટ્રીઝ) પ્રકારના ઉદ્યોગને સ્થાપવા અંગેની મંજુરી આપવા બાબત.

સંદર્ભ::– તા.૧૨–૮–૨૦૧૩ ના રોજ મળેલ નિગમની ૪૭૪મી સભામાં મંજુર થયેલ ઠરાવ ક્રમાંક : ૮૬/વિતરણ/૪૭૪/૨૦૧૩

ઉપરોક્ત વિષય બાબતની કાર્યસૂચિ નિગમની ૪૭૪ મી સભા સમક્ષ રજુ કરવામાં આવેલ જેમાં નિગમની સભા ધ્વારા ઉપરોક્ત સંદર્ભ દર્શિત ઠરાવથી નીચે મુજબની મંજુરી નિગમની સભાએ આપેલ છે.

ગાંધીનગર વિજાણુ વસાહતમાં ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ સિવાય બીન પ્રદુષિત (નોન પોલ્યુટીંગ) પ્રકારના ઉદ્યોગોના હેતુ માટે સમિતીમાં વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી.

ગાંધીનગર વિજાણુ વસાહતમાં ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ સિવાયના બિજા ઉદ્યોગો સ્થાપવા માટે જો માંગણી આવે તો આવી અરજીઓની ચકાસણી નિગમ દ્વારા રચવામાં આવેલ સ્ક્રીનીંગ કમીટી દ્વારા કરવાની રહેશે. આવા પ્રકારની નવી અરજીઓ બીન પ્રદુષિત પ્રકારની / અથવા પ્રદુષન ફેલાવવાની ક્ષમતા ઓછી હોય તેવી, કે જેમા પ્રક્રીયા દરમીયાન 'વોશીંગ કે યુટીલીટી' સિવાય ગંદુ પાણી ઉદભવતુ ના હોય તથા બળતન તરીકે કુદરતી ગેસ જેવા 'ઈકો-ફ્રેન્ડલી' બળતન નો ઉપયોગ કરવામા આવતો હોય, તેવા પ્રોજેક્ટ માટે કમીટી દ્વારા ભલામણ મળ્યા બાદ ઉદ્યોગનો પ્રકાર બદલવા (Change of nature of industry) માટેની મંજુરી આપવાની સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી પાસે રહેશે.

આવા ઉદ્યોગોને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનું "ના વાંધા પ્રમાણપત્ર" મેળવીને સમિતિ સમક્ષ રજુ કરવાનુ રહેશે. જે ઉધોગો ધ્વારા ગાંધીનગર વિજાણુ વસાહતમાં તેઓના એકમમાં નોન–ઈલેક્ટ્રોનિક્સ પ્રકારનો ઉપયોગ કરવામાં આવતો હોય તેવા એકમો દ્વારા કરવામાં આવતો ઉદ્યોગ બીન પ્રદુષિત (નોન-પોલ્યુટીંગ) પ્રકારનો / અથવા પ્રદુષન ફેલાવવાની ક્ષમતા ઓછી હોય તેવો છે કે નહી તેની પણ ચકાસણી સ્ક્રીનીંગ કમીટી દ્વારા કરવાની રહેશે. સદર કમીટીની ભલામણ મળ્યા બાદ આવા ઉદ્યોગોના પ્રકારને નિયમીત કરવાની સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી પાસે રહેશે. વધુમાં આવા પ્રકારના ઉદ્યોગો પાસેથી વસાહતની પ્રવર્તમાન વિતરણ કિંમતના ૫% લેખે દંડ વસૂલ કરવાનો રહેશે.

ઉદ્યોગકારો દ્વારા આ મિલ્કતનો ઉપયોગ વાણિજય કે રહેઠાણ માટે કરી શકાશે નહી. વધુમાં, સદર વસાહતમાં મિલ્કતોની જાહેર હરાજીથી ફાળવણી કરવાની પ્રક્રીયા યથાવત રાખવામાં આવી.

ઉપરોક્ત પરિપત્ર મળ્યા અંગેની પહોંચ તમામ ક્ષેત્રિય કચેરીના વિતરણ અધિકારીશ્રીએ કાર્યપાલક નિયામકશ્રી વિતરણને નામ જોગ પત્ર ધ્વારા પાઠવવાની રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

- પ્રમુખશ્રી ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન અમદાવાદ......તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી (એસ એન્ડ એ), જીઆઇડીસી, ગાંધીનગર ........નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

Immediate
[signature] 28/11
A/T

રવાના કર્યુ
[signature]
જનરલ મેનેજર (ઈએન્ડએ)